# Press Notes

## Navjivan Science College,Dahod

A. Y. 2025 26

# કોલેજ દ્વારા હેલ્થી લાયફ સ્ટાઇલ વિષય પર સેમિનાર:-10-07-2025

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 10-07-2025

## રોલ ઓફ એડિબલ ઓઈલ ફોર હેલ્થી લાઈફ સ્ટાઈલ વિષય પર સેમિનાર

### દાહોદમાં નવજીવન સાયન્સ કોલેજમાં સેમિનારનું આયોજન

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના ભાગરૂપે ખાદ્યતેલ અંગે જાગૃતિ આવે તે માટે 'રોલ ઓફ એડિબલ ઓઈલ ફોર હેલ્થી લાઈફ સ્ટાઈલ' વિષય પર સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં 38 સ્ટાફ સભ્યો અને 183 વિદ્યાર્થીઓ આમ કુલ 221 વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો. સેમિનારના મુખ્ય વક્તા તરીકે દાહોદ પાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર, પીન્કલકુમાર નગરબાવાલા દ્વારા ખાદ્યતેલ વિશે સેમિનારમાં કરવામાં આવી હતી. દાહોદ પાલિકા દ્વારા સેમિનારમાં ઉપસ્થિત સૌને સ્વચ્છતા માટેના શપથ ગ્રહણ કરાવવામાં આવેલ હતાં.



કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદીએ સેમિનાર અંગે પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. કાર્યક્રમનું સંચાલન બેડમિન્ટન ખેલાડી પ્રેઝી મેકવાન એ અને આભાર વિધિ ધ્રુવી પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## કોલેજ દ્વારા સિવિલ સર્વિસીસમાં કારકિર્દી પર સેમિનાર:-
## 27-07-2025

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 27-07-2025

# દાહોદની કોલેજમાં સિવિલ સર્વિસમાં કારકિર્દી માટે માર્ગદર્શન સેમિનાર




દાહોદ. નવજીવન સાયન્સ કોલેજના ઉદિશા સેલ દ્વારા 'કેરિયર ઈન સિવિલ સર્વિસ' વિષયક માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં આશરે 150 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને પ્રકાશ જાની દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. ગૌરાંગ ખરાદીના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો.

# કોલેજ દ્વારા વિધ્યાર્થી સંઘની રચના:-30-07-2025

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા વિધાર્થી સંઘની રચના કરાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.30 દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં વિધાર્થી સંઘ ની રચના તા.29-07-2025 ના રોજ કરવામાં આવી.જેમાં નીચે મુજબ સભ્યોની નિમણૂક કરવામાં આવી. કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિધાર્થી સંઘના ડૉ. વી.જે. ચૌહાણ, ધ્રુવી પટેલ, શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણી આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. સ્ટાફ સભ્યોએ પણ વિધાર્થી સંઘના હોદેદારોને પ્રોત્સાહિત

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવી



દાહોદ. નવજીવન કોલેજના વિદ્યાર્થી સંઘમાં જીએસ - અફરોજ પટેલ, એલઆર- વિશાખા વિશ્વકર્મા, સાંસ્કૃતિક સચિવ- વિધ્યાની સંગાડા, રમતગમત સચિવ- નયન ભુરીયા, ચર્ચા સચિવ- જેનીકા ચૌહાણ, પ્રવાસન સચિવ- મિતેષ પરમાર, ઈનોવેશન સેક્રેટરી- નિનામા રેણુકા, મેગેઝિન સેક્રેટરી- ખુશી દરજીની વરણી કરી હતી.

# કોલેજ દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ:-31-07-2025

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 31-07-2025

|| સમાજ-સંસ્થા બ્રીફ ||

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં રંગોળી સ્પર્ધા યોજાઇ



દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં 12 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. જેમાં ધ્રુવી પસાયા, વિધ્યાની સંગાડા અને મોનિકા વારસાને કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદીએ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું.

# કોલેજ દ્વારા રાજપીપળા કોલેજ સાથે MoU:-03-08-2025

## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજ દ્વારા રાજપીપળાની કોલેજ સાથે mou કરાયા



**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા તા. 30-07-2025 ના રોજ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ,રાજપીપળા દ્વારા સંચાલિત ગુજરાતની સૌથી જૂની અને ગુજરાતની નંબર વન કોલેજ છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપળા સાથે શારિરીક શિક્ષણ અને રમત-ગમતના સંશોધન ક્ષેત્રે અને રમત-ગમતમાં ઝળહળતી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તે હેતુથી બન્ને કોલેજ વચ્ચે mou કરવામાં આવેલ છે. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના mouના સંકલન સહાયક અને શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક ડો.વિ.જે.ચૌહાણ તેમજ સી.પી. ડી.સી.પી.ઇ., રાજપીપળાના mouના સંકલન સહાયક અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.ટી.એમ.શેખ દ્વારા સંશોધન અને નેક દ્વારા સારો ગ્રેડ પ્રાપ્ત થાય એવું આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે.

---

દિવ્ય ભાસ્કર | ગોધરા-દાહોદ ભાસ્કર 03-08-2025

રમત-ગમતના સંશોધન ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિઓ માટે એમઓયુ

### દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા રાજપીપળા કોલેજ સાથે MOU

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા દ્વારા સંચાલિત ગુજરાતની સૌથી જૂની અને ગુજરાતની નંબર વન કોલેજ શ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપળા સાથે શારીરિક શિક્ષણ અને રમત-ગમતના સંશોધન ક્ષેત્રે અને રમત-ગમતમાં ઝળહળતી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તે હેતુથી બન્ને કોલેજ વચ્ચે mou કરવામાં આવેલ છે. સી.પી.ડી. સી.પી.ઇ., રાજપીપળાના કાર્યકરી આચાર્ય ડો.એચ.એચ. પટેલ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગકુમાર ખરાદીએ એકબીજાની કોલેજની પ્રગતિ માટે વિચારોની આપલે કરી હતી અને શુભેચ્છાઓ પાઠવીને અભિનંદન આપ્યા હતા. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના mouના સંકલન સહાયક અને શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક ડો.વિ.જે.ચૌહાણ તેમજ સી.પી.ડી. સી.પી.ઇ., રાજપીપળાના mou ના સંકલન સહાયક અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.ટી.એમ.શેખ દ્વારા સંશોધન અને નેક દ્વારા સારો ગ્રેડ પ્રાપ્ત થાય એવું આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે. તેમજ ડો.વિ.જે.ચૌહાણ દ્વારા તેમના માર્ગદર્શન અંતર્ગત પી.એચડી. પૂર્ણ કરનાર શોધાર્થીઓના મહાશોધ નિબંધની પ્રત ગ્રંથાલયમાં સુપ્રત કરેલ છે.

---

### નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા ગુજરાતની સૌથી જૂની શારિરીક શિક્ષણની કોલેજ સાથે ળજ્ઞી કરવામાં આવ્યા

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત–ગમત વિભાગ દ્વારા તા. ૩૦–૦૭–૨૦૨૫ ના રોજ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ,રાજપીપળા દ્વારા સંચાલિત ગુજરાતની સૌથી જૂની અને ગુજરાતની નંબર વન કોલેજ છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપળા સાથે શારિરીક શિક્ષણ અને રમત–ગમત ના સંશોધન ક્ષેત્રે અને રમત–ગમત માં ઝળહળતી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તે હેતુથી બન્ને કોલેજ વચ્ચે ળજ્ઞી કરવામાં આવેલ છે. સી.પી.ડી.સી.પી.ઈ., રાજપીપળાના કાર્યકરી આચાર્ય ડો.એચ.એચ.પટેલ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગકુમાર ખરાદી એ એકબીજાની કોલેજની પ્રગતિ માટે વિચારોની આપલે કરી હતી અને શુભેચ્છાઓ પાઠવીને અભિનંદન આપ્યા હતા. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના mouના સંકલન સહાયક અને શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક ડો.વિ.જે.ચૌહાણ તેમજ સી.પી.ડી.સી.પી.ઈ., રાજપીપળાના mouના સંકલન સહાયક અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.ટી.એમ.શેખ દ્વારા સંશોધન અને નેક દ્વારા સારો ગ્રેડ પ્રાપ્ત થાય એવું આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે. તેમજ ડો.વિ.જે.ચૌહાણ દ્વારા તેમના માર્ગદર્શન અંતર્ગત પી.એચડી. પૂર્ણ કરનાર શોધાર્થીઓના મહાશોધ નિબંધની પ્રત ગ્રંથાલયમાં સુપ્રત કરેલ છે. બન્ને કોલેજના સ્ટાફ પરિવાર તરફથી પણ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# કોલેજના એન. એસ. એસ. એકમ દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ :-
# 04-08-2025

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

**પંચમહાલ સમાચાર** દાહોદ, તારીખ ૨, ઓગસ્ટ શનિવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી. જે. ખરાદી, રસાયણ વિભાગના વડા એચ.આર. ડાભી, તેમજ અધ્યાપક .જે. એમ. પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના માધ્યમથી વૃક્ષોનું માંનવજીવન તેમજ પર્યાવરણમાં મહત્વ કેટલું છે, તેમજ ભૂતકાળમાં કરેલ વૃક્ષરોપણનું મહત્વ અને ભવિષ્યમાં વધતી જતી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના નિવારણ માટે વૃક્ષ કેટલું ઉપયોગી છે તે સંદેશ સમાજમાં ફેલાવાનો પ્રયત્ન કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ૨૩ જેટલા વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડો.એસ.એ.પટેલ અને . નીલ પટેલ અને એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. તા. 04/08/25

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 04-08-2025

॥ સમાજ-સંસ્થા બ્રીફ ॥

## દાહોદની કોલેજના એનએસએસ એકમ દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ



દાહોદ | નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરાતા કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી. જે. ખરાદી, રસાયણ વિભાગના વડા એચઆર ડાભી, તેમજ અધ્યાપક જેએમ પટેલ હાજર રહ્યા હતા.

# કોલેજના ઉદિશા એકમ દ્વારા પ્લેસમેન્ટ ફેર યોજાયો :-06-08-2025

**દિવ્ય ભાસ્કર**

## ગોધરા-દાહોદ ભાસ્કર 06-08-2025

દિવ્ય ભાસ્કર, વડોદરા, બુધવાર, 6 ઓગસ્ટ, 2025 | 2

### 200 જેટલા વિદ્યાર્થીઓએ આ પ્લેસમેન્ટ ફેરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો

# દાહોદની નવજીવન કોલેજમાં આયોજિત પ્લેસમેન્ટ ફેરમાં 53 વિદ્યાર્થીની પસંદગી

ભાસ્કરન્યૂઝ | દાહોદ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે મંગળવારના રોજ એક ભવ્ય પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 53 જેટલા વિદ્યાર્થીઓને રોજગારીની તક સાંપડી હતી.

કોલેજના ઉદિશા એકમ (પ્લેસમેન્ટ સેલ) દ્વારા આ કાર્યક્રમનું આયોજન જિલ્લા રોજગાર કચેરી, દાહોદ અને જામનગર સ્થિત રિલાયન્સ સોલાર પ્લાન્ટ માટે કાર્યરત ક્વેસ કોર્પ. પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ આયોજિત કરાયેલા ભરતી મેળામાં B.Sc., M.Sc., ડિપ્લોમા અને ITI પાસ કરેલા ઉમેદવારો માટે રોજગારીની સુવર્ણ તક ઉપલબ્ધ હતી. આશરે 200 જેટલા વિદ્યાર્થીઓએ આ પ્લેસમેન્ટ ફેરમાં ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રિલાયન્સ ટીમમાંથી મિહિર પટેલ અને અન્ય પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ત્યારબાદ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. સમગ્ર પ્રક્રિયાના અંતે, કુલ 53 વિદ્યાર્થીઓની સ્થળ પર જ પસંદગી કરવામાં આવી હતી.આ સફળ કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

પ્લેસમેન્ટ ફેર માટે આયોજિત સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને વ્યવસ્થાપન ઉદિશા પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડો. વિશાલ જૈન, નીલ પટેલ, દિક્ષીત રાઠવા અને હિરલભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોલેજના વિધ્યાર્થી સંઘ દ્વારા ફાઇન આર્ટસ વિષય પર સેમિનાર:- 07-08-2025

ગોધરા-દાહોદ ભાસ્કર 07-08-2025

## વિદ્યાર્થી સંઘ દ્વારા ફાઈન આર્ટસ વિષય પર વર્ચ્યૂઅલ સેમિનાર

### દાહોદની કોલેજના 60 છાત્રોએ ભાગ લીધો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં ફાઈન આર્ટસ વિષય પર વર્ચ્યૂઅલ સેમિનારનું કર્યું હતું. જેમાં 60 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. ફાલ્ગુની મારડીયા (કનેક્શન સ્ટુડિયોના સ્થાપક) અને નિરાલી રાણા (વડોદરાની નવરચના ઈન્ટર. સ્કૂલમાં પર્ફોર્મિંગ આર્ટ્સ અને વિઝ્યુઅલ શિક્ષક) દ્વારા સ્થાપન તથા પેઈન્ટિંગ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, ધ્રુવી પટેલ, શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણી આગેવાની હેઠળ થયેલ હતો. કોલેજના સ્ટાફ સભ્યો દ્વારા પણ અભિનંદન પાઠવ્યા હતા.

## કોલેજના ફિનિશિંગ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી:-

**07-08-2025**

ગોધરા-દાહોદ ભાસ્કર 08-08-2025

# ફિનિશિંગ સ્કૂલ તાલીમમાં 125 વિદ્યાર્થીઓ જોડાયા

### લાઈફ સ્કિલ તેમજ સ્પોકન ઈંગ્લિશ વગેરેની તાલીમ

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં સેમેસ્ટર 5માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે KCG અંતર્ગત ફિનિશિંગ સ્કુલ તાલીમ શિબિરનું આયોજન કરાતા લગભગ 125 વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

તેમજ સમાપન કાર્યક્રમ પણ વિદ્યાર્થીઓ દ્વારા કરાયો હતો. જેમાં માસ્ટર ટ્રેનર્સ તરીકે ડૉ સંદીપ શાહ, અશ્વિન જોશી તથા રાજદીપ કટારા કે જેઓ એ સતત 20 દિવસની 80 કલાકની તાલીમ શિબિરમાં હાજર રહી વિદ્યાર્થીઓને લાઈફ સ્કિલ તેમજ એમ્પ્લોઈબીલિટી તેમજ ફંકશનલ તેમજ સ્પોકન ઈંગ્લિશની તાલીમ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી જે ખરાદીની ઉપસ્થિતિમાં યોજાવામાં આવ્યો હતો. કોલેજના ફિનિશિંગ સ્કૂલના કોઓર્ડિનેટર ડૉ કે.ટી. જોશી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોલેજના એન્ટ્રપ્રિન્યોરશિપ ક્લબ દ્વારા ઉધોગ સાહસિક દિનની ઉજવણી :-

**27-08-2025**

દિવ્ય ભાસ્કર — ગોધરા-દાહોદ ભાસ્કર 30-08-2025

## નવજીવન સાયન્સ કોલેજમાં વિશ્વ ઉધોગ સાહસિક દિનની ઉજવણી



દાહોદ| નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં વિશ્વ ઉધ્યોગ સાહસિક દિવસ નિમીત્તે સેમિનારનું આયોજન ઈનોવેશન ક્લબ અને વિદ્યાર્થી સંઘના વિદ્યાર્થીઓ દ્વારા કરાતા 186 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવોચારમાં (Innovation), સર્જનાત્મકતા અને સમસ્યાનો ઉકેલ લાવવાની ભાવના વિકસાવવાનો હતો.

દિવ્ય ભાસ્કર — ગોધરા-દાહોદ ભાસ્કર 28-08-2025

## દાહોદની કોલેજમાં ઉધોગ સાહસિક દિવસે ગેમ્સનું આયોજન



દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં વિવિધ ગેમ્સ યોજી હતી. વિદ્યાર્થીઓએ શાર્ક ટેન્ક પિચ, લોગો ડિઝાઈન ચેલેન્જ અને એલિવેટર પિચ જેવી એક્ટિવિટીમાં 25 વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈનોવેશન કોર્ડિનેટર દીક્ષિત રાઠવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# કોલેજમાં સાહસિક શિબિરનું આયોજન:-04-09-2025

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં સાહસિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું



**દાહોદ:** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુ. સો. સંચાલિત નવજીવન કોલેજના શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા, ગુજરાત સરકારના યુવક કલ્યાણ વિભાગના સહયોગથી સાહસિક શિબિર યોજાઈ. જિલ્લા યુવા વિકાસ અધિકારી જીગ્નેશ ડાભીના માર્ગદર્શન અને ઘનશ્યામસિંહ સોલંકી, તેમની ટીમના સંચાલન હેઠળ યોજાયેલી શિબિરમાં 49 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શિબિરમાં સારવાર, રિવર ક્રોસ, ટ્રેકિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓ સાથે પાવડી અને રતનમહાલ ખાતે કાર્યક્રમો યોજાયા. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાયા હતા. કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદી અને નિયામક ડો. વિ.જે. ચૌહાણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

# કોલેજના ઇનોવેશન ક્લબ દ્વારા 7 દિવસીય સ્ટાર્ટઅપ સ્કીલ્સ વર્કશોપનું આયોજન:-

**04-09-2025**

## નવજીવન સાયન્સ કોલેજમાં ૭-દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપનું આયોજન



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના ઈનોવેશન કલબ દ્વારા ૨૮/૦૮/૨૦૨૫ થી ૦૪/૦૯/૨૦૨૫ દરમિયાન ૭-દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. વર્કશોપમાં વિવિધ નિષ્ણાતોએ કૃષિ ટેકનોલોજી, ફોરેન્સિક સાયન્સ, સાયબર સિક્યુરિટી, ગ્રીન ટેક, હેલ્થટેક તથા ડિજીટલ એજ્યુકેશન જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું. સાથે સાથે ડો. ફરીદ સૈયદ દ્વારા વિદ્યાર્થીઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત કરાવી હતી. પ્રાયોગિક તાલીમમાં સાબુ, મીણબત્તી અને એન્ટિસેપ્ટિક લિકિવડ બનાવતા શીખવવામાં આવ્યું હતું. પ્રાયોગિક, સાયન્સ કોમ્યુનિકેશન અને ઈનોવેશન તકો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં મિ. એચ.બી. પારેખ (Deputy Horticulture Director), મિ. પૂજન કે. જોશી (Director CEO, JSI), ડો. ફરીદ સૈયદ (Head Associate Research Scientist, Krushi Vigyan Kendra, Dahod), ડો.નયનકુમાર એસ. પટેલ (In-charge Principal, B. N. Patel Institute of Paramedical Science College), ડો. કૃણાલ ધોળિયા (Founder CEO, Kalva Nanotech), મિ.દીક્ષિત રાઠવા (Navjivan Science College, Assistant Professor) અને ડો. ઈશાક શેખ (Dept. of Electrical Engineering, Assistant Professor) જેવા નિષ્ણાતોએ વ્યાખ્યાનો આપ્યા. જેમાં ૪૨ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ઈનોવેશન કોર્ડીનેટર મિ. દીક્ષિત રાઠવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કા. પ્રિન્સીપાલ ડો. ગૌરાંગ જે. ખરાદી એ વર્કશોપને સફળ બનાવવા બદલ તમામ મહેમાનો અને સંયોજકોનો આભાર માન્યો.

## નવજીવન સાયન્સ કોલેજમાં ૭-દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપનું આયોજન

**ગુજરાતની અસ્મિતા,**
**વિનોદ પંચાલ દાહોદ , તા.7**




દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના ઈનોવેશન ક્લબ દ્વારા ૨૮/૦૮/૨૦૨૫થી૦૪/૦૯/૨૦૨૫ દરમિયાન ૭-દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. વર્કશોપમાં વિવિધ નિષ્ણાતોએ કૃષિ ટેક્નોલોજી, ફોરેન્સિક સાયન્સ, સાયબર સિક્યુરિટી, ગ્રીન ટેક, હેલ્થટેક તથા ડિજિટલ એજ્યુકેશન જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું. સાથે સાથે ડૉ. ફરીદ સૈયદ દ્વારા વિધ્યાર્થીઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત કરાવી હતી. પ્રાયોગિક તાલીમમાં સાબુ, મીણબત્તી અને એન્ટિસેપ્ટિક લિક્વિડ બનાવતા શીખવવામાં આવ્યું હતું. પ્રાયોગિક, સાયન્સ કોમ્યુનિકેશન અને ઈનોવેશન તકો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં મિ. એચ.બી. પારેખ (Deputy Horticulture Director), મિ. પૂજન કે. જોશી (Director | CEO, JSI), ડૉ. ફરીદ સૈયદ (Head | Associate Research Scientist, Krushi Vigyan Kendra, Dahod), ડૉ. નયનકુમાર એસ. પટેલ (In-charge Principal, B. N. Patel Institute of Paramedical | Science College), ડૉ. કૃણાલ ધોળિયા (Founder | CEO, Kalva Nanotech), મિ. દીક્ષિત રાઠવા (Navjivan Science College, Assistant Professor) અને ડૉ. ઈશાક શેખ (Dept. of Electrical Engineering, Assistant Professor) જેવા નિષ્ણાતોએ વ્યાખ્યાનો આપ્યા. જેમાં ૪૨ વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ઈનોવેશન કોર્ડીનેટર મિ. દીક્ષિત રાઠવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કા. પ્રિન્સીપાલ ડૉ. ગૌરાંગ જે. ખરાદી એ વર્કશોપને સફળ બનાવવા બદલ તમામ મહેમાનો અને સંયોજકોનો આભાર માન્યો.

# કોલેજના ઝૂલોજીના છાત્રો દ્વારા જાંબુઘોડા વન્યજીવ અભ્યારણની મુલાકાત કરવામાં આવી:- 11-09-2025

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થીઓ દ્વારા જાંબુઘોડા વન્યજીવ અભ્યારણ્ય ખાતે મુલાકાત



**ગુજરાતની અસ્મિતા, વિનોદ પંચાલ દાહોદ, તા.12**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝુલોજી વિભાગના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક હેતુસર તા.11/09/2025 ના રોજ જાંબુઘોડા વન્યજીવ અભયારણ્યની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ કરી જંગલ અને તેની પ્રાકૃતિક સુંદરતાનો અભ્યાસ કર્યો હતો.

આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના પક્ષીઓ, પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓ નિહાળી હતી. પ્રકૃતિ અને વન્યજીવન વિશે પ્રત્યક્ષ જ્ઞાન મેળવવા માટે આ મુલાકાત અત્યંત ફળદાયી રહી હતી.

આ સમગ્ર મુલાકાતનું સંચાલન ઝુલોજી વિભાગના પ્રાધ્યાપકો એ. એન. ચૌહાણ, ડી. કે.પટેલ તથા પી.આર. સંગાડા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માટે ઝુલોજી વિભાગના વડા શ્રીમતી એન. એ. વોહરા તેમજ કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. ગૌરાંગ ખરાદી દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝૂલોજી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા જાંબુઘોડા વન્યજીવ અભ્યારણ્ય ખાતે મુલાકાત

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝુલોજી વિભાગના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક હેતુસર તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ જાંબુઘોડા વન્યજીવ અભયારણ્યની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ કરી જંગલ અને તેની પ્રાકૃતિક સુંદરતાનો અભ્યાસ કર્યો હતો.

આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના પક્ષીઓ, પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓ નિહાળી હતી. પ્રકૃતિ અને વન્યજીવન વિશે પ્રત્યક્ષ જ્ઞાન મેળવવા માટે આ મુલાકાત અત્યંત ફળદાયી રહી હતી.

આ સમગ્ર મુલાકાતનું સંચાલન ઝુલોજી વિભાગના પ્રાધ્યાપકો એ. એન. ચૌહાણ, ડી. કે.પટેલ તથા પી.આર. સંગાડા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માટે ઝુલોજી વિભાગના વડા એન. એ. વોહરા તેમજ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદી દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**ગોધરા-દાહોદ ભાસ્કર** 15-09-2025

## નવજીવન સા. કોલેજના વિદ્યાર્થી જાંબુઘોડા અભયારણ્યની મુલાકાતે



દાહોદ । દાહોદ નવજીવન સાયન્સ કોલેજના ઝૂલોજી વિભાગના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક હેતુસર જાંબુઘોડા વન્યજીવ અભયારણ્યની મુલાકાત લઇ ટ્રેકિંગ કરીને જંગલની પ્રાકૃતિક સુંદરતાનો અભ્યાસ કર્યો હતો. તેમણે વિવિધ પ્રકારના પક્ષીઓ, પ્રાણીઓ તથા વનસ્પતિની પ્રજાતિઓનું નિરીક્ષણ કરી પ્રકૃતિ અને વન્યજીવન અંગે પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. આ મુલાકાતનું સંચાલન ઝૂલોજી વિભાગના પ્રાધ્યાપકો એએન ચૌહાણ, ડીકે પટેલ તથા પીઆર સંગાડા દ્વારા કરાયું હતું.

# કોલેજના NTF સેલ દ્વારા આત્મહત્યા નિવારણ અંતર્ગત સેમીનાર યોજાયો:-

**25-09-2025**

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 26-09-2025

## દાહોદ સાયન્સ કોલેજમાં આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત સેમિનાર



દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં 10, સપ્ટેમ્બર વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણની જાગૃતિ લાવવા માટે એક સેમિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના NTF CELL દ્વાર વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત સેમિનાર યોજાયો



**ગુજરાતની અસ્મિતા, વિનોદ પંચાલ દાહોદ, તા.26**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં 10, સપ્ટેમ્બર વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ ની જાગૃતિ લાવવા માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પધ્યાપિકા ડૉ. રુચિતા પટેલ દ્વારા આ વિષય ઉપર વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી સર ના માર્ગદર્શન હેઠળ ડૉ. રુચિતા પટેલ દ્વારા કાવામાં આવ્યું હતું.

# કોલેજના NTF સેલ દ્વારા આત્મહત્યા નિવારણ અંતર્ગત સેમીનાર યોજાયો:-

**01-10-2025**

દિવ્ય ભાસ્કર — ગોધરા-દાહોદ ભાસ્કર 02-10-2025

## દાહોદની કોલેજમાં હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ માટે આત્મહત્યા નિવારણ જાગૃતિ સેમિનાર

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ શહેરમાં અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણી અંતર્ગત, સંસ્થાની સુરશીલા વુમન હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ માટે માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ જાગૃતિ લાવવા માટે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજની પધ્યાપિકા ડૉ. રુચિતા પટેલ દ્વારા આ સેમિનારમાં હોસ્ટેલની વિદ્યાર્થિનીઓને આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે વિદ્યાર્થીઓને જીવનની પડકારજનક પરિસ્થિતિઓમાં સામનો કરવા માટે ઉપયોગી ટિપ્સ અને સહાયનાં સાધનો અંગે માહિતગાર કર્યાં હતાં. આ કાર્યક્રમમાં હોસ્ટેલની વોર્ડન માધવીબેન, સેવિકાબેન રેખાબેન તેમજ 30 જેટલી વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી.

### નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના NTF CELL દ્વાર

## હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ માટે આત્મહત્યા નિવારણ જાગૃતિ માટે સેમિનાર યોજાયો

દાહોદ, તા. ૩૦




દાહોદ, તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં ૧૦, સપ્ટેમ્બર વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત સંસ્થાની સુરશીલા વુમન હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ માટે માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ ની જાગૃતિ લાવવા માટે એક સેમિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કોલેજના પધ્યાપિકા ડૉ. રુચિતા પટેલ દ્વારા આ વિષય ઉપર હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં હોસ્ટેલના વોર્ડન માધવીબેન, સેવિકાબેન રેખાબેન તેમજ ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી સર ના માર્ગદર્શન હેઠળ ડૉ. રુચિતા પટેલ દ્વારા કાવામાં આવ્યું હતું.

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં આત્મહત્યા નિવારણ જાગૃતિ સેમિનાર



(પ્રતિનિધિ) દાહોદ, તા.1 નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના NTF CELL દ્વાર હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ માટે આત્મહત્યા નિવારણ જાગૃતિ માટે સેમિનાર યોજાયો હતો. જેમાં દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં 10, સપ્ટેમ્બર વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત સંસ્થાની સુરશીલા વુમન હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ માટે માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ ની જાગૃતિ લાવવા માટે એક સેમિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પધ્યાપિકા ડૉ. રુચિતા પટેલ દ્વારા આ વિષય ઉપર હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં હોસ્ટેલના વોર્ડન માધવીબેન, સેવિકાબેન રેખાબેન તેમજ 30 જેટલી વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી સર ના માર્ગદર્શન હેઠળ ડૉ. રુચિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તા. 02/10/25

# કોલેજના ઝૂલોજી વિભાગ દ્વારા વન્યજીવ સપ્તાહ-2025 ની ઉજવણી કરવામાં આવી:- 09-10-2025

### નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝૂલોજી વિભાગ દ્વારા

## વન્યજીવ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી




✍ દાહોદ તા.૦૮

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે વન્યજીવ સપ્તાહ-૨૦૨૫ ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન ઉત્સાહપૂર્વક ઉજવાયું હતું. આ સપ્તાહ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સર્જનાત્મક અને જાગૃતિક કાર્યક્રમોનું આયોજન ઝૂલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સપ્તાહની શરૂઆત ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ ન્છ૭ન્છ૭મ છજર્જષ્ટેર્ટ્ટેહ સાથે ર્ટ સાઈનિંગ સેરેમની દ્વારા કરવામાં આવી હતી, જેના માધ્યમથી કોલેજના વિદ્યાર્થીઓને ફીલ્ડ એક્ટિવિટી અને સંશોધન ક્ષેત્રે નવી તક ઉપલબ્ધ થશે. ૩ ઓક્ટોબર, ૨૦૨૫ (શુક્રવાર) ના રોજ કોલેજ કેમ્પસમાં જીવજંતુઓની ઓળખ અને પર્યાવરણ અભ્યાસ કર્યો. ૪ ઓક્ટોબર, ૨૦૨૫ (શનિવાર) ના રોજ વિવિધ પક્ષી પ્રજાતિઓનું નિરીક્ષણ કરી વન્યજીવન અંગેની સમજ વિકસાવી. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ (સોમવાર) ના રોજ "વન્યજીવ બચાવો, પ્રકૃતિ બચાવો" થીમ હેઠળ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭ ઓક્ટોબર, ૨૦૨૫ (મંગળવાર) ના રોજ ક્વિઝ સ્પર્ધા જે થીમ "વન્યજીવ અને જૈવ વિવિધતા" પર યોજાઈ. સપ્તાહનો સમાપન કાર્યક્રમ ૮ ઓક્ટોબર, ૨૦૨૫ (બુધવાર) ના રોજ "વન્યજીવ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી" વિષય પર સેમિનાર દ્વારા કરવામાં આવ્યો, જેમાં પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદ માંથી ધર્મેન્દ્રભાઈ ખત્રી, સાકીરભાઈ કડીવાલા, અને નીલમભાઈ અમીન દ્વારા વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. આ સપ્તાહની સમગ્ર ઉજવણીનો હેતુ વિદ્યાર્થીઓમાં વન્યજીવન પ્રત્યે સંરક્ષણભાવ, પર્યાવરણપ્રેમ અને વૈજ્ઞાનિક જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમનું સંચાલન ઝૂલોજી વિભાગના તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પુરા કાર્યક્રમ માટે ઝુલોજી વિભાગના વડા શ્રીમતી એન. એ. વોહરા તેમજ કોલેજના કાર્યકારી આચાયશ્રી ડૉ. ગૌરાંગ ખરાદી દ્વારા સતત માર્ગદર્શન પૂરું પડવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 10-10-2025

## નવજીવન સાયન્સ કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી



ભાસ્કરન્યૂઝ | દાહોદ

દાહોદમાં નવજીવન સાયન્સ કોલેજમાં વન્યજીવ સપ્તાહમાં ઝૂલોજી વિભાગે જીવજંતુની ઓળખ, પર્યાવરણ અભ્યાસ, જ્યારે 4 ઓક્ટોબરે પક્ષી નિરીક્ષણ કાર્યક્રમ , "વન્યજીવ બચાવો, પ્રકૃતિ બચાવો" પર 6 ઓક્ટોબરે ચિત્રસ્પર્ધા તથા 7 ઓક્ટોબરે "વન્યજીવ અને જૈવ વિવિધતા" પર ક્વિઝ સ્પર્ધા, 8 ઓક્ટોબરે "વન્યજીવ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી" સેમિનારમાં પ્રકૃતિ મિત્ર મંડળના ધર્મેન્દ્રભાઈ ખત્રી, સાકીરભાઈ કડીવાલા અને નીલમભાઈ અમીને વિદ્યાર્થીઓને વન્યજીવન પ્રત્યે સંવેદનશીલ બનવા પ્રેરિત કર્યા હતા.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝૂલોજી વિભાગ દ્વારા વન્યજીવ સપ્તાહ - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી

ગુજરાતની અસ્મિતા, વિનોદ પંચાલ દાહોદ,તા.08

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે વન્યજીવ સપ્તાહ - ૨૦૨૫ ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન ઉત્સાહપૂર્વક ઉજવાયું. આ સપ્તાહ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સર્જનાત્મક અને જાગૃતિક કાર્યક્રમોનું આયોજન ઝૂલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સપ્તાહની શરૂઆત ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ LBALAB Association સાથે MoU સાઈનિંગ સેરેમની દ્વારા કરવામાં આવી, જેના માધ્યમથી કોલેજના વિદ્યાર્થીઓને ફીલ્ડ એક્ટિવિટી અને સંશોધન ક્ષેત્રે નવી તક ઉપલબ્ધ થશે. ૩ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ કોલેજ કેમ્પસમાં જીવજંતુઓની ઓળખ અને પર્યાવરણ અભ્યાસ કર્યો. ૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ વિવિધ પક્ષી પ્રજાતિઓનું નિરીક્ષણ કરી વન્યજીવન અંગેની સમજ વિકસાવી. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ "વન્યજીવ બચાવો, પ્રકૃતિ બચાવો" થીમ હેઠળ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે વન્યજીવ સપ્તાહ - ૨૦૨૫ ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન ઉત્સાહપૂર્વક ઉજવાયું. આ સપ્તાહ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સર્જનાત્મક અને જાગૃતિક કાર્યક્રમોનું આયોજન ઝૂલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સપ્તાહની શરૂઆત ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ LBALAB Association સાથે MoU સાઈનિંગ સેરેમની દ્વારા કરવામાં આવી, જેના માધ્યમથી કોલેજના વિદ્યાર્થીઓને ફીલ્ડ એક્ટિવિટી અને સંશોધન ક્ષેત્રે નવી તક ઉપલબ્ધ થશે. ૩ ઓક્ટોબર, ૨૦૨૫ (શુક્રવાર) ના રોજ કોલેજ કેમ્પસમાં જીવજંતુઓની ઓળખ અને પર્યાવરણ અભ્યાસ કર્યો.

# કોલેજના કેમેસ્ટ્રી વિભાગ દ્વારા સનફાર્માની મુલાકાત કરવામાં આવી:- 12-12-2025

દિવ્ય ભાસ્કર વડોદરા છોટા ઉદેપુર 12-12-2025

## નવજીવન કોલેજના વિદ્યાર્થીઓએ સનફાર્માની મુલાકાત લીધી

દાહોદ| નવજીવન સાયન્સ કોલેજના કેમિસ્ટ્રી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓએ સનફાર્મા આર એન્ડ ડી ડિપાર્ટમેન્ટ વડોદરાની મુલાકાત લીધી, જ્યાં તેમને સંશોધનમાં ઉપયોગમાં લેવાતા આધુનિક સાધનો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક સાધનો અને તકનીકીઓના વ્યાવહારિક ઉપયોગ વિશે મજબૂત જ્ઞાન પ્રદાન કરવાનો હતો.

# કોલેજના માઈક્રોબાયોલોજી તેમજ પેથોલોજી લેબ વચ્ચે MoU:-

# 30-12-2025

Date.30-12-2025 Tuesday
તા.૩૦-૧૨-૨૦૨૫ મંગળવાર
3

### વિદ્યાર્થીઓને મળશે મેડિકલ ડાયગ્નોસ્ટિક્સનું પ્રત્યક્ષ જ્ઞાન

## નવજીવન સાયન્સ કોલેજ અને ડો. જૈનિશ શાહ પેથોલોજી લેબોરેટરી વચ્ચે MoU

દાહોદ તા.૨૯

શિક્ષણને વધુ પ્રાયોગિક અને રોજગારલક્ષી બનાવવાના પ્રયાસરૂપે, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા શહેરની પ્રતિષ્ઠિત ડૉ. જૈનિશ શાહ પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટિક સેન્ટર સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી પત્ર **(MoU)** પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સંસ્થાના કાર્યકારી પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ ખરાડીના વિઝનરી માર્ગદર્શન હેઠળ આ કરાર સંપન્ન થયો છે.

આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓને મેડિકલ ક્ષેત્રના આધુનિક ઉપકરણો અને રોગ નિદાનની અત્યાધુનિક પદ્ધતિઓથી વાકેફ કરવાનો છે.




આ કરારથી વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકીયા જ્ઞાન સુધી મર્યાદિત ન રહેતા, પેથોલોજી લેબના વાસ્તવિક વાતાવરણમાં કામ કરવાનો અનુભવ મેળવશે. પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ ખરાડીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "અમારો ધ્યેય એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાનો છે જેઓ ડિગ્રી મેળવ્યા પછી તુરંત જ ઉદ્યોગ અને આરોગ્ય ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપી શકે. આ ર્રૈ વિદ્યાર્થીઓના કૌશલ્ય વર્ધન **(Skill Development)** માં સીમાચિહ્નરૂપ સાબિત થશે અને અંતે તેનાથી સમાજના આરોગ્ય સેવાઓમાં પણ સુધારો થશે." આ શૈક્ષણિક પ્રકલ્પને સફળ બનાવવામાં માઈક્રોબાયોલોજી વિભાગના હેડ સંદીપ પ્રજાપતિ, વિભાગીય સભ્યો શિખા મોઢિયા અને કૃપાલી પરમારએ સક્રિય જહેમત ઉઠાવી છે. આ ટીમની મહેનતથી હવે વિદ્યાર્થીઓને બ્લડ ટેસ્ટિંગ, સીરોલોજી અને બાયોકેમિકલ એનાલિસિસ જેવી પ્રક્રિયાઓ શીખવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પ્રાપ્ત થયું છે.

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 31-12-2025

## શહેર-સમાજ

દિવ્ય ભાસ્કર, વડોદરા, બુધવાર, 31 ડિસેમ્બર, 2025 | 2

### નવજીવન સાયન્સ કોલેજ અને પેથોલોજી લેબ વચ્ચે શૈક્ષણિક એમઓયુ કરાયા

## માઈક્રોબાયોલોજી વિદ્યાર્થીઓને મેડિકલ ડાયગ્નોસ્ટિક્સમાં પ્રાયોગિક અનુભવ મળશે

ભાસ્કરન્યૂઝ | દાહોદ

શિક્ષણને વધુ પ્રાયોગિક, કૌશલ્ય આધારિત અને રોજગારલક્ષી બનાવવા માટે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા શહેરની ડો.જૈનિશ શાહ પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટિક સેન્ટર સાથે એમઓયુ કરવામાં આવ્યો છે. સંસ્થાના કાર્યકારી પ્રિન્સિપાલ ડો.ગૌરાંગ ખરાડીના માર્ગદર્શન હેઠળ આ શૈક્ષણિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ એમઓયુના અંતર્ગત માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓને મેડિકલ ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતા આધુનિક ઉપકરણો, રોગ નિદાનની વિવિધ પદ્ધતિઓ તેમજ પેથોલોજી લેબમાં થતી



વાસ્તવિક પ્રક્રિયાઓનો પ્રત્યક્ષ અને પ્રાયોગિક અનુભવ પ્રાપ્ત થશે. આ પહેલથી વિદ્યાર્થીઓનું વિષયસંબંધિત જ્ઞાન વધુ મજબૂત બનશે તેમજ વ્યાવસાયિક ક્ષમતાઓ વિકસાવવામાં મદદ મળશે. કાર્યકારી પ્રિન્સિપાલ ડો.ગૌરાંગ ખરાડીએ જણાવ્યું હતું કે, કોલેજ અને ડાયગ્નોસ્ટિક લેબ વચ્ચેની આ ભાગીદારીથી વિદ્યાર્થીઓને વર્ગખંડની સાથે પ્રયોગશાળાનો અનુભવ પણ મળશે. જે તેમના ભવિષ્યના અભ્યાસ અને કારકિર્દી માટે ઉપયોગી સાબિત થશે. આ કરારને સફળ બનાવવા માટે માઈક્રોબાયોલોજી વિભાગના વડા સંદીપ પ્રજાપતિ તેમજ વિભાગીય સભ્યો શિખા મોઢિયા અને કૃપાલી પરમારની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. એમઓયુના પરિણામે વિદ્યાર્થીઓને બ્લડ ટેસ્ટિંગ, સીરોલોજી અને બાયોકેમિકલ એનાલિસિસ જેવી પ્રક્રિયાઓનું પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થવાની તક મળશે, જે તેમને શૈક્ષણિક અને વ્યાવસાયિક રીતે વધુ સક્ષમ બનાવશે.

**કોલેજના માઈક્રોબાયોલોજી તેમજ જળ ભવન વચ્ચે MoU:- 31-12-2025**

# દાહોદ નવજીવન સાયન્સ કોલેજ અને જલ ભવન વચ્ચે મહત્વના કરાર

**વિદ્યાર્થીઓના** કૌશલ્ય વર્ધન અને સમાજ ઉત્થાન માટે નવી પહેલ



(પ્રતિનિધિ) દાહોદ, તા.31

શિક્ષણને સામાજિક જવાબદારી સાથે જોડવાના ઉમદા હેતુથી, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના માઈક્રોબાયોલોજી વિભાગ અને જલ ભવન, દાહોદ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સંસ્થાના કાર્યકારી પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ ખરાડીના માર્ગદર્શન હેઠળ લેવાયેલ આ નિર્ણયથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે દાહોદ જિલ્લાના જન-સ્વાસ્થ્યને પણ સીધો ફાયદો થશે.

કરારનો મુખ્ય ઉદ્દેશ્ય પુસ્તકીયા જ્ઞાનને પ્રાયોગિક અનુભવમાં પરિવર્તિત કરવાનો છે. ભાગીદારી હેઠળ, માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓ જલ ભવનની લેબોરેટરીમાં પાણીના પરીક્ષણ, શુદ્ધિકરણની પ્રક્રિયા અને સૂક્ષ્મ જીવાણુઓના વિશ્લેષણ અંગે પ્રત્યક્ષ તાલીમ મેળવશે. કાર્યક્રમમાં માઈક્રોબાયોલોજી વિભાગના હેડ સંદિપ પ્રજાપતિ, શિખા મોઢીયા તથા કૃપાલી પરમાર જલ ભવનના ટેકનિકલ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

# કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા પારલે ઈન્ડસ્ટ્રી, ભુજ અને કચ્છની મુલાકાત કરવામાં આવી :-

**01-01-2026**

## નવજીવન સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓની પારલે ઇન્ડસ્ટ્રી, ભુજ તથા કચ્છ પ્રવાસની શૈક્ષણિક મુલાકાત

દાહોદ તા.૦૮

નવજીવન સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓને તારીખ ૦૧/૦૧/૨૦૨૬ના રોજ ભુજ સ્થિત પારલે ઈન્ડસ્ટ્રી ખાતે શૈક્ષણિક મુલાકાત માટે લઈ જવાયા હતા. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઉદ્યોગક્ષેત્રમાં થતી ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ, પેકેજિંગ અને મેનેજમેન્ટ સિસ્ટમ અંગે પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવાનો હતો. પારલે ઈન્ડસ્ટ્રીમાં વિદ્યાર્થીઓને બિસ્કિટ તથા અન્ય ખાદ્ય ઉત્પાદનોની બનાવટ, આધુનિક મશીનરીની કાર્યપદ્ધતિ તેમજ સ્વચ્છતા અને સુરક્ષા નિયમોની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઈન્ડસ્ટ્રીના અધિકારીઓએ વિદ્યાર્થીઓને




ઉદ્યોગની વાસ્તવિક કામગીરીથી પરિચિત કરાવી અને તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. આ શૈક્ષણિક મુલાકાત બાદ વિદ્યાર્થીઓને કચ્છ વિસ્તારના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત પણ કરાવવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ કચ્છની સંસ્કૃતિ, પરંપરા અને પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ માણ્યો. આ પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક જ્ઞાન સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક સમજણમાં પણ વધારો થયો હતો.

આ સમગ્ર શૈક્ષણિક પ્રવાસનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ તેમજ માઈક્રોબાયોલોજી વિભાગના વડા **(HOD)** સંદીપ પ્રજાપતિ અને શિખા મોઢીયા, કૃપાલી પરમાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કોલેજના આચાયશ્રીએ આવા શૈક્ષણિક પ્રવાસો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબજ ઉપયોગી હોવાનું જણાવ્યું હતું.

## કોલેજના ઝૂલોજી વિભાગ દ્વારા ઇન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગરની મુલાકાત કરવામાં આવી :-

**06-01-2026**

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 09-01-2026

### ડાયનાસોર ફોસિલ પાર્ક અને બ્લુ વ્હેલ સ્કેલિટન વિશે માહિતી મેળવી

# દાહોદ નવજીવન કોલેજના છાત્રોનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદની નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગના એમએસસીના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર ખાતે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

જેમાં 11 વિદ્યાર્થીઓ અને 3 અધ્યાપકોએ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા આયોજિત વિષય નિષ્ણાત સેમિનારમાં ભાગ લીધો હતો. જ્યાં વિદ્યાર્થીઓને પર્યાવરણના વિવિધ પાસાઓ વિશે મહત્વપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. બાદ વિદ્યાર્થીઓએ ગાંધીનગરના ગૌરવ સમાન મહાત્મા મંદિરની મુલાકાત લીધી હતી અને તેની ભવ્યતા તથા ગાંધીજીના જીવન દર્શન વિશે માહિતી મેળવી હતી. તદ્દુપરાંત વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત ઈન્દ્રોડા નેચર પાર્કની મુલાકાત લીધી હતી. નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગે લાલબાગ એસો. સાથે કરેલ કરારના ભાગરૂપે વિદ્યાર્થીઓએ પક્ષી નિરીક્ષણ કર્યું હતું તથા ડાયનાસોર ફોસિલ પાર્ક અને બ્લુ વ્હેલ સ્કેલેટન વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી.

આ સમગ્ર પ્રવાસનું સફળ આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદીના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ તથા પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ એન. એ. વોહરાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.

# કોલેજના એન્ટ્રપ્રિન્યોરશિપ ક્લબ અને EDII દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો:-

**09-01-2026**

## EDII દ્વારા "મહિલા ઉદ્યોગસાહસિકતા જાગૃતિ" કાર્યક્રમ દાહોદમાં યોજાયો



દાહોદ તા.૧૧

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન **(EDII)** દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ દાહોદમાં નવજીવન સાયન્સ કૉલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન અમદાવાદ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ ગુજરાત સરકાર ના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય કાર્યક્રમ કુલ ૮૫ થી વધુ બહેનો એ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બહેનોને ઉદ્યોગસાહસિકતા, સરકારી યોજનાઓ, સોફ્ટ સ્કિલ્સ તથા બિઝનેસ અવસરો વિષે જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા બહેનોમાં ઉદ્યોગસાહસિકતા પ્રત્યે ઊંડો ઉત્સાહ અને જાગૃતિ સર્જાઈ હતી.

આ કાર્યક્રમનો અમલ **EDII** અમદાવાદ દ્વારા સંદીપ જે. સાંગલે **(IAS),** કમિશનર ઓફ ઈન્ડસ્ટીઝ તેમજ આર. ડી. બારહટ જોઈન્ટ કમિશનર ઓફ ઈન્ડસ્ટીઝના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતા. મહિલાઓના શશક્તિકરણ ની પહેલ પાછળ **EDII**ના મહાનિર્દેશક ડૉ. સુનિલ શુક્લા અને **EDII**ના પ્રોજેક્ટ્સ ડિરેક્ટર (સરકાર) ડૉ.અમિત કુમાર દ્વિવેદીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, દાહોદથી વિનોદભાઈ ડામોર અને એમ. બી. ભાભોર જેવા અધિકારીઓ એ હાજરી આપી હતી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની વિવિધ યોજના વિષે માહિતી આપી હતી. આ કાર્યક્રમમા નિષ્ણાત તરીકે સચિન પટેલ, પ્રોજેક્ટ ઓફીસર, **EDII** અને ડૉ. રવજીત સિંહ અટવલ-પ્રોજેક્ટ ઓફીસર, **EDII** એ પોતાની સેવાઓ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નવજીવન સાયન્સ કૉલેજ ના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. ગૌરાંગ ખરાડી સાહેબના માર્ગદર્શન હેઠળ કોઓર્ડિનેટર શ્રી દીક્ષિત ડી.રાઠવા અને **CWDC** કોઓર્ડિનેટર નિખત એ. વોહરા દ્વારા કરવામાં આવ્યું હતું.

## EDII દ્વારા દાહોદમાં "મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ" કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (EDII) દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ દાહોદ માં નવજીવન સાયન્સ કૉલેજ ખાતે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમનું આયોજન ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન અમદાવાદ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ ગુજરાત સરકાર ના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય કાર્યક્રમ કુલ 85 થી વધુ બહેનો એ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. બહેનોને ઉદ્યોગસાહસિકતા, સરકારી યોજનાઓ, સોફ્ટ સ્કિલ્સ તથા બિઝનેસ અવસરો વિષે જ્ઞાન આપવામાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા બહેનોમાં ઉદ્યોગસાહસિકતા પ્રત્યે ઊંડો




ઉત્સાહ અને જાગૃતિ સર્જાઈ. આ કાર્યક્રમનો અમલ EDII અમદાવાદ દ્વારા શ્રી સંદીપ જે. સાંગલે (IAS), કમિશનર ઓફ ઈન્ડસ્ટીઝ તેમજ આર. ડી. બારહટ જોઈન્ટ કમિશનર ઓફ ઈન્ડસ્ટીઝના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. મહિલાઓના શશક્તિકરણ ની પહેલ પાછળ EDIIના મહાનિર્દેશક ડૉ. સુનિલ શુક્લા અને EDIIના પ્રોજેક્ટ્સ ડિરેક્ટર (સરકાર) ડૉ. અમિત કુમાર દ્વિવેદીનો સમાવેશ થાય છે

આ કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, દાહોદ થી શ્રી વિનોદભાઈ ડામોર અને એમ. બી. ભાભોર જેવા અધિકારીઓ એ હાજરી આપી હતી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની વિવિધ યોજના વિષે માહિતી આપી હતી. આ કાર્યક્રમમા નિષ્ણાત તરીકે શ્રી સચિન પટેલ, પ્રોજેક્ટ ઓફીસર, EDII અને ડૉ. રવજીત સિંહ અટવલ - પ્રોજેક્ટ ઓફીસર, EDII એ પોતાની સેવાઓ આપી હતી.

# કોલેજના રશાયણસાશ્ત્ર વિભાગ દ્વારા કરિયર ઓરિએન્તેસનનું આયોજન:-

## 10-01-2026



દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 11-01-2026

### દાહોદની સાયન્સ કોલેજમાં કેરિયર ઓરિએન્ટેશન કાર્યક્રમ

# કારકિર્દી બનાવવા માટે માત્ર ડિગ્રી નહીં સોફ્ટ સ્કિલ પણ જરૂરી

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદની નવજીવન સાયન્સ કોલેજના કેમિસ્ટ્રી વિભાગ દ્વારા B.Sc. તથા M.Sc.ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય 'કેરિયર ઓરિએન્ટેશન' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં રહેલી વિવિધ કરિયરની તકો, વ્યાવસાયિક સફળતા માટે જરૂરી કૌશલ્યો અને ભવિષ્યના નિર્ણયો લેવા માટે સચોટ દિશા આપવાનો હતો. આ કાર્યક્રમમાં ઈન્ફ્રામેપ જીઓ-ટેક કન્સલ્ટન્ટ પ્રાઈવેટ લિમિટેડના નિષ્ણાતો પ્રતિક રાઠોડ અને રાજેન્દ્ર લીંબોલા તેમજ તેમના સહકર્મી કૃણાલ મહાવર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વ્યક્તિગત અનુભવો શેર કરતા જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં કારકિર્દી બનાવવા માટે માત્ર ડિગ્રી પૂરતી નથી, પરંતુ શિસ્ત, સતત અભ્યાસ અને સોફ્ટ સ્કિલ્સ પણ અનિવાર્ય છે. કોલેજના પ્રિન્સિપાલ ડો. જી.જે. ખરાદી અને કેમિસ્ટ્રી (PG) વિભાગના વડા ડો. એચ.આર. ડાભીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ 101 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નિષ્ણાતો સાથે સીધો સંવાદ કરી પોતાની કારકિર્દીને લગતી મૂંઝવણો અને પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું.

**કોલેજના વિદ્યાર્થી સંઘ દ્વારા વિદ્યાર્થીઓ માટે પતંગ ઉત્સવ યોજાયો:-**
**10-01-2026**

દિવ્ય ભાસ્કર **ગોધરા-દાહોદ ભાસ્કર** 12-01-2026

# દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે પતંગ ઉત્સવ યોજાયો

## વિદ્યાર્થી સંઘની આગેવાનીના આયોજનમાં કોલેજ પરિવારે ઉત્સાહ વધાર્યો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ



દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં કોલેજના વિદ્યાર્થી સંઘ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ ઉત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી સંઘના હોદ્દેદારો દ્વારા કોલેજના તમામ વિદ્યાર્થીઓ માટે સુંદર અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્સવને આનંદમય બનાવ્યો હતો.

આ કાર્યક્રમના આયોજન માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદીએ વિદ્યાર્થી સંઘને પ્રોત્સાહન આપી સમગ્ર આયોજનને બિરદાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના સહકાર, એકતા અને આયોજન ક્ષમતાની પ્રશંસા કરી હતી. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના પ્રતિનિધિ શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણીની આગેવાની હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે કોલેજના તમામ સ્ટાફ સભ્યોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કોલેજના શારીરિક અને શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે એડવેન્ચર અને નેચર કેમ્પનું આયોજન:-

**11-01-2026**

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે એડવેનચર એન્ડ નેચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત ગમત વિભાગ દ્વારા તા.૦૫-૦૧-૨૦૨૬ ને સોમવાર થી ૧૦-૦૧-૨૦૨૬ શનિવારે દરમ્યાન પાટણવાવ મુકામે (ઓસમ હિલ), રાજકોટ જીલ્લામાં આયોજન કરવામાં આવેલ હતું. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાની એક માત્ર કોલેજ છે. જેના દ્વારા આ પ્રકારના કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં કોલેજની ૨૨ વિદ્યાર્થિનીઓ અને ૧૪ વિદ્યાર્થીઓ આમ, કુલ ૩૬ વિદ્યાર્થીઓએ અને ૧ સ્ટાફ સભ્યએ ભાગ લીધેલ હતો. ભાગ લેનાર તમામ દ્વારા આ કેમ્પમાં ભાગ લઈને જીંદગીની ઉત્તમ ક્ષણ અને અનુભવ મેળવયો હતો. આ કેમ્પમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ડો. શૈલેષ જે. બુટાની દ્વારા ''કેરિયર ઓપોરચ્યુનીટી ઈન એડવેન્ચર સ્પોર્ટ્સ'' વિષય પર વ્યાખ્યાન આપેલ હતું. તેમજ જે.બી.બુટાની એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સાથે એમઓયુ પણ કરવામાં આવેલ છે. આ કેમ્પ માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી દ્વારા તમામ સ્તરે સહયોગ આપીને પ્રોત્સાહિત કરીને આયોજનને બિરદાવ્યુ હતું. આ કેમ્પનું સમગ્ર આયોજન અને સંચાલન શારિરીક શિક્ષણના નિયામક ડૉ. વી.જે.ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું. કેમ્પ સફળતા પૂર્વક પૂર્ણ કરવા બદલ સ્ટાફ પરિવારે પણ અભિનંદન પાઠવ્યા હતા.

# કોલેજના ઝૂલોજી વિભાગ, ઇનોવેશન સેલ અને NSS દ્વારા ઇકોનોમિક ઝૂલોજી પર વ્યાખ્યાન:-

**12-01-2026**

## દાહોદમાં 'ઈકોનોમિક ઝુલોજી' પર વિશેષ વ્યાખ્યાન યોજાયું

દાહોદ | દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પ્રાણીશાસ્ત્ર વિભાગ, ઈનોવેશન સેલ અને NSS દ્વારા 'ઈકોનોમિક ઝુલોજી: સ્વરોજગારી અને તકો' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડો. રાધારાણીએ વિદ્યાર્થીઓને મરઘા પાલન, મધમાખી પાલન અને વર્મીકમ્પોસ્ટિંગ જેવા વિષયો દ્વારા આર્થિક ઉપાર્જન કરી આત્મનિર્ભર બનવા માટે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું,. કાર્યકારી આચાર્ય ડો. જી. જે. ખરાદીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધ્યક્ષો, સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# કોલેજના ઝૂલોજી વિભાગ દ્વારા M. Sc. સેમ-૨ ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન:-

**20-01-2026**

## દાહોદના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા એમ.એસસી. (ર.જીષ્ઠ.) સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ માટે વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું



**દાહોદ તા.૨૧**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા એમ.એસસી. (M.Sc.) સેમેસ્ટર-૨ ના વિદ્યાર્થીઓ માટે આજરોજ તા.૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક પ્રવાસ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી. જે. ખરાડી અને વિભાગીય વડા એન. એ. વહોરાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને નેતૃત્વ અધ્યાક સહાયક એ.એન. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ મુવાલીયા સ્થિત ઈન્ટેન્સિવ પોલ્ટ્રી ફાર્મની મુલાકાત લીધી હતી, જ્યાં પશુપાલન નિયામક ડો. પી.બી. જોશિયારા વિદ્યાર્થીઓને સઘન મરઘા ઉછેર, રસીકરણ અને ઈંડા ઉત્પાદનની આધુનિક પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ, વિદ્યાર્થીઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે પ્રાકૃતિક ખેતી અને ગીર ગાય વિશે જ્ઞાન મેળવ્યું હતું. અંતમાં, મુવાલીયા ડેમ ખાતે પક્ષી દર્શન કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ પક્ષીઓને ઓળખવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રવાસમાં એમ.એસસી. (ર.જીષ્ઠ.) ના ૧૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દિવ્ય ભાસ્કર — ગોધરા-દાહોદ ભાસ્કર 23-01-2026

## દાહોદ કોલેજના છાત્રોએ પુસ્તકિયા જ્ઞાન સાથે પ્રાયોગિક અનુભવ મેળવ્યો

### એમએસસીના વિદ્યાર્થીઓએ પોલ્ટ્રી ફાર્મ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર લીધી

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા એમએસસી સેમેસ્ટર-2ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓને પાઠ્યક્રમની સાથે વાસ્તવિક અને વ્યવહારુ જ્ઞાન મળી રહે તે હેતુથી આ પ્રવાસનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જીજે ખરાડી અને પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા એનએ વહોરાના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

પ્રવાસના પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓએ મુવાલીયા સ્થિત ઈન્ટેન્સિવ પોલ્ટ્રી ફાર્મની મુલાકાત લીધી હતી. અહીં પશુપાલન નિયામક ડો.પીબી જોશિયારાએ વિદ્યાર્થીઓને સઘન મરઘા ઉછેરની ટેકનિક, રસીકરણ તેમજ ઈંડા ઉત્પાદનની આધુનિક પદ્ધતિઓ વિશે સમજ પૂરી પાડી હતી. વિદ્યાર્થીઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે પ્રાકૃતિક ખેતીના ફાયદા તેમજ ગીર ગાયના સંવર્ધન અને તેના મહત્વ અંગેની ઉપયોગી માહિતી મેળવી હતી. પ્રવાસના અંતિમ ચરણમાં મુવાલીયા ડેમ ખાતે પક્ષી દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો.

# કોલેજ દ્વારા નેશનલ સેમીનારનું આયોજન:-

## 05-02-2026

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં "બાયો-કેમિકો સાયન્સ" વિષય પર સેમિનાર યોજાયો



સુખસર : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે આજે તા. ૫મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા અવનવા સંશોધનોને ઉજાગર કરતા વિષય "Emerging Trends in Bio-Chemico Science (NSBCS-2026)" પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સેમિનાર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત KCG (Knowledge Consortium of Gujarat) અને PM-USHA (Pradhan Mantri Uchchatar Shiksha Abhiyan) ના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો. સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના આધુનિક પ્રવાહો વિશે વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકોને માહિતગાર કરવાનો અને તેમને સંશોધન પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે ૯:૩૦ કલાકે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.

**ગુજરાતમિત્ર તા. 07/02/2026**

---

દાહોદની નવજીવન સાયન્સ કોલેજ ખાતે ભવ્ય આયોજન કરાયું

## 'બાયો-કેમિકો સાયન્સ' વિષય પર રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર યોજાયો

• દાહોદ



દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે આજે તા.૫ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા અવનવા સંશોધનોને ઉજાગર કરતા વિષય 'Emerging Trends in Bio-Chemico Science(NSBCS-2026)' પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સેમિનાર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત KCG (Knowledge Consortium of Gujarat) અને PM-USHA (Pradhan Mantri Uchchatar Shiksha Abhiyan) ના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો. સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના આધુનિક પ્રવાહો વિશે વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકોને માહિતગાર કરવાનો અને તેમને સંશોધન પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે ૯:૩૦ કલાકે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. પ્રથમ ટેકનિકલ સત્રમાં ગાંધીનગર સ્થિત IITE ના ડૉ. મેહુલ પી. દવે એ મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે બાયો-કેમિકલ સાયન્સમાં આવી રહેલા બદલાવો અને ભવિષ્યની તકો વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ બીજા સત્રમાં સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભ વિદ્યાનગર) ના ડૉ. એસ. એસ. સોની એ વિદ્યાર્થીઓને રસાયણશાસ્ત્રના ઉભરતા પ્રવાહો વિશે રોચક શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બપોરના સત્રમાં કોલેજના વિદ્યાર્થીઓ અને અન્ય પ્રતિભાગીઓ માટે 'પોસ્ટર પ્રેઝન્ટેશન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમ સાથે વિવિધ વિષયો પર પોસ્ટરો રજૂ કર્યા હતા. આ સ્પર્ધા વિદ્યાર્થીઓમાં રહેલી સંશોધન વૃત્તિને બહાર લાવવા માટેનું એક ઉત્તમ માધ્યમ બની હતી. કાર્યક્રમના અંતે સાંજે સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી, સેમિનારના કન્વીનર શ્રી એસ. આર. પ્રજાપતિ અને કો-કન્વીનર ડૉ. એચ. આર. ડાભી ના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

ROAD,DAHOD,GUJARAT-389151 on behalf of SUBHASH NATHURAM ALANI
NO.1, STATION ROAD, GODHRA, PANCHMAHAL, GUJARAT-389001.

**સિંધુ ઉદય ટુડે**

---

દિવ્ય ભાસ્કર **ગોધરા-દાહોદ ભાસ્કર 14-02-2026**

## નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં વિવિધ 'ડે'ની ઉત્સાહભેર ઉજવણી

### બાળપણ ક્રીડા રમતથી લઈ ટ્વિનિંગ, સિગ્નેચર ડેમાં વિદ્યાર્થીઓનો ઉમળકો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ



નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગ તેમજ વિદ્યાર્થી સંઘના સંયુક્ત આયોજન હેઠળ વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજના શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા બાળપણ ક્રીડા રમતોત્સવ યોજાતા વિદ્યાર્થીઓએ બાળપણની યાદોને તાજી કરી હતી. રમતોત્સવ દરમિયાન કોલેજ પરિસરમાં આનંદ અને ઉત્સાહનું માહોલ છવાયો હતો. ત્યારબાદ તા. 09 થી 12 દરમિયાન વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં વિવિધ થીમ આધારિત 'ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ટ્રેડિશનલ ડે, ટ્વિનિંગ ડે, ગ્રુપ ડે અને સિગ્નેચર ડેનો સમાવેશ થતો હતો. દરેક દિવસે વિદ્યાર્થીઓએ અલગ-અલગ વેશભૂષા અને સર્જનાત્મકતાથી ભાગ લઈ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

---

દિવ્ય ભાસ્કર **વડોદરા છોટા ઉદેપુર 09-02-2026**

## દાહોદમાં બાયો-કેમિકો સાયન્સ પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ નવજીવન સાયન્સ કોલેજ ખાતે 'બાયો-કેમિકો સાયન્સમાં NSBCS વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરાયું હતું. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળના KCG અને PM-USHAના આર્થિક સહયોગથી આ શૈક્ષણિક મંથન યોજાયું હતું.ઉદ્ઘાટન સત્ર બાદ નિષ્ણાત વક્તાઓએ બાયો-કેમિકલ સાયન્સ અને રસાયણશાસ્ત્રના ક્ષેત્રમાં થઈ રહેલા નૂતન સંશોધનો વિશે ગહન ચર્ચા કરી હતી.

બપોરના સત્રમાં આયોજિત પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેમાં વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક વિષયો પર પોતાની સંશોધન ક્ષમતા અને મૌલિક વિચારો રજૂ કરાતા વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

# કોલેજ દ્વાર વિવિધ ડે ની ઉજવણી:-

**13-02-2026**

દિવ્ય ભાસ્કર

ગોધરા-દાહોદ ભાસ્કર 14-02-2026

## નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં વિવિધ 'ડે'ની ઉત્સાહભેર ઉજવણી

### બાળપણ ક્રીડા રમતથી લઈ ટ્વિનિંગ, સિગ્નેચર ડેમાં વિદ્યાર્થીઓનો ઉમળકો

ભાસ્કરન્યૂઝ | દાહોદ

નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગ તેમજ વિદ્યાર્થી સંઘના સંયુક્ત આયોજન હેઠળ વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજના શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા બાળપણ ક્રીડા રમતોત્સવ યોજાતા વિદ્યાર્થીઓએ બાળપણની યાદોને તાજી કરી હતી. રમતોત્સવ દરમિયાન કોલેજ પરિસરમાં આનંદ અને ઉત્સાહનું માહોલ છવાયો હતો. ત્યારબાદ તા. 09 થી 12 દરમિયાન વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં વિવિધ થીમ આધારિત 'ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ટ્રેડિશનલ ડે, ટ્વિનિંગ



ડે, ગ્રુપ ડે અને સિગ્નેચર ડેનો સમાવેશ થતો હતો. દરેક દિવસે વિદ્યાર્થીઓએ અલગ-અલગ વેશભૂષા અને સર્જનાત્મકતાથી ભાગ લઈ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# કોલેજના ઝૂલોજી વિભાગ દ્વારા કેમ્પસ બર્ડ કાઉન્ટ 2026 નું આયોજન :-

**14-02-2026**



દાહોદની નવજીવન સાયન્સ કોલેજ પક્ષી ગણતરીનું આયોજન કરાયું.

## દાહોદ કોલેજમાં કેમ્પસ બર્ડ કાઉન્ટ સંપન્ન

## પ્રાણીશાસ્ત્ર દ્વારા પક્ષીઓની પ્રજાતિનું દસ્તાવેજીકરણ કરાયું

### પ્રવેશદ્વારથી પક્ષી ગણતરીનો પ્રારંભ થયો

ભાસ્કરન્યૂઝ | દાહોદ

દાહોદ સ્થિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે વૈશ્વિક સ્તરે ઉજવાતા 'ગ્રેટ બેકયાર્ડ બર્ડ કાઉન્ટ' (GBBC)ના ભાગરૂપે 'કેમ્પસ બર્ડ કાઉન્ટ 2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગના કાર્યક્રમનો મુખ્ય હેતુ શૈક્ષણિક સંકુલમાં જોવા મળતી પક્ષીઓની વિવિધતાનો અભ્યાસ કરી તેનું વૈજ્ઞાનિક ઢબે દસ્તાવેજીકરણ કરવાનો હતો.

વહેલી સવારે 7 વાગ્યે કોલેજના મુખ્ય પ્રવેશદ્વારથી પક્ષી ગણતરીનો પ્રારંભ થયો હતો, જેમાં પ્રાણીશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને પક્ષીપ્રેમીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સહભાગીઓએ કેમ્પસના વિવિધ વિસ્તારોમાં ઝીણવટભર્યું નિરીક્ષણ કરી પક્ષીઓની વિવિધ પ્રજાતિઓની નોંધણી કરી હતી. આ ગણતરી દરમિયાન એકત્રિત કરવામાં આવેલી તમામ માહિતીને વૈશ્વિક પક્ષી ગણતરીના ડેટાબેઝમાં સામેલ કરવામાં આવશે, જે આગામી સમયમાં પર્યાવરણ અને પક્ષી સંરક્ષણના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

આ સમગ્ર પ્રોજેક્ટમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.ગૌરાંગ ખરાદી અને ઝુલોજી વિભાગના વડા પ્રોફેસર એન.એ. વોહરાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રાધ્યાપક અંકિતકુમાર ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યેની જાગૃતિ અને પર્યાવરણ જતનની ભાવના વધુ દ્રઢ બની હતી.

# કોલેજના NSS વિભાગ રક્તદાન શિબિરનું આયોજન :-

## 19-02-2026

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શનિવાર ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬

સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ અને રકતદાન શિબિર યોજાઇ




દાહોદ : નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ એન.એસ.એસ. એકમની સપ્ત દિવસીય ખાસ શિબિર ના ત્રીજા દિવસે ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ અને રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું દાહોદ,તા.19ફેબ્રુઆરી2026નારોજદાહોદઅનાજમહાજનસાર્વજનિક એજ્યુકેશનસોસાયટીસંચાલિતનવજીવનસાયન્સકોલેજ,દાહોદનાએન એસ.એસ. એકમની સપ્ત દિવસીય ખાસ શિબિરમાં મુવાલીયા ગામમાં ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન પી.એચ. સી. સેન્ટર રાબડાલ સાથે કરવામાં આવ્યું જેમાં ૪૦ થી વધુ ગ્રામ જનોએ લાભ મેળવ્યો તેમજ ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદ ના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ, મુવાલીયા ખાતે કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં એન.એસ.એસ. સ્વયંસેવકો, કોલેજ સ્ટાફ તેમજ શાળાના સ્ટાફ સભ્યો દ્વારા 20 યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલની ટીમ હાજર રહી હતી.

# કોલેજના NSS વિભાગ દ્વારા સ્વચ્છતા જનજાગૃતિ અંગે શિબિર યોજાયો:-

## 21-02-2026

### નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નો ઉદ્દઘાટન સમારોહ ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆ ખાતે યોજાયો




**પંચમહાલ સમાચાર** દાહોદ, તા.૧૬/૦૨/૨૦૨૬ સોમવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા – જનજાગૃતિ ગ્રામ શિબિર'નું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆ ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદઘાટક તરીકે અર્બન લાઈવલીહુડ મિશનના મેનેજર. સુકુમાર ભૂરિયા સર, સી.આર.સી. જનક પટેલ, પ્રેરક ઉપસ્થિત એવા ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆના આચાર્ય વત્સલાબેન બમણિયા, નવજીવન સાયન્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકોને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શ્રેયસ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર નીલ પટેલના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં NSS એકમ 1-2ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર'

(પ્રતિનિધિ) દાહોદ, તા.16 સોમવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે અર્બન



લાઈવલીહુડ મિશનના મેનેજર સુકુમાર ભૂરિયા સર, સી. આર. સી. જનક પટેલ સર, પ્રેરક ઉપસ્થિત એવા ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆના આચાર્ય શ્રીમતી વત્સલાબેન બમણિયા, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડૉ.જી. જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ. એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.

**ગુજરાતમિત્ર**

**દિવ્ય ભાસ્કર** ગોધરા-દાહોદ ભાસ્કર 23-02-2026

સાત દિવસીય 'સ્વચ્છતા-જનજાગૃતિ' અભિયાન સંપન્ન

### મુવાલીયામાં સાયન્સ કોલેજની એનએસએસ શિબિરનું સમાપન

**ઉત્કૃષ્ટ સેવા બદલ સ્વયંસેવકોનું મોમેન્ટો આપી સન્માન કરાયું**

ભાસ્કર ન્યૂઝ | દાહોદ



દાહોદ નવજીવન સાયન્સ કોલેજના NSS એકમ 1 - 2 દ્વારા સપ્ત દિવસીય 'સ્વચ્છતા–જનજાગૃતિ ગ્રામ શિબિર'નો સમાપન સમારોહ મુવાલીઆ સ્થિત ભીલ સેન્ટ્રલ સ્કૂલ ખાતે યોજાતા 7 દિવસ સુધી ગ્રામ્યમાં સેવાની જ્યોત જલાવ્યા બાદ શિબિરના પૂર્ણાહુતિ પ્રસંગે મહાનુભાવોએ યુવા શક્તિને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરિત કરી હતી.

સમાપન સમારોહમાં અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે આણંદ એગ્રીકલ્ચર યુનિ. સંલગ્ન એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ પોલિટેક્નિક કોલેજ (દાહોદ)ના આચાર્ય ડો.ફરીદ સય્યદ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા 2 વર્ષમાં નોંધપાત્ર કામગીરી કરનાર અંતિમ વર્ષના સ્વયંસેવકોને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

### દાહોદ નવજીવન સાયન્સ કોલેજ,એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નો સમાપન સમારોહ યોજાયો

**વાત્સલ્યમ્ સમાચાર**
**અજય સાંસી દાહોદ**



આજરોજ તા.૨૧.૦૨.૨૦૨૬ શનિવાર સવારે.૦૮:૦૦ કલાકે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા – જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆ ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો સમાપન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે ડૉ.ફરીદ સૈયદ, આંણદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી સંલગ્ન એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ પોલિટેકિનક કોલેજ દાહોદના આચાર્ય તેમજ પ્રેરક ઉપસ્થિત એવા ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆના આચાર્ય.વત્સલાબેન બમણિયા, સી.આર.સી.જનક પટેલ સર, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાન ની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં સ્વયંસેવકો દ્વારા તેમજ શાળાના બાળકો દ્વારા સ્વાગત ગીત અને સાંસ્કૃતિક નાટ્ય રજૂ કરવામાં આવ્યું હતું. અને છેલ્લા વર્ષ ના સ્વયંસેવકોને બે વર્ષ દરમિયાન કરવામાં આવેલી ઉત્તમ કામગરી માટે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.શ્રેયસ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર .નીલ પટેલ ના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું

# કોલેજના ઇનોવેશન ક્લબ અને NSS વિભાગ દ્વારા આણદ મુકામે શૈક્ષણિક પ્રવાસનું આયોજન :-

**07-03-2026**

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 12-03-2026

### નવજીવન સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ આણંદનો શૈક્ષણિક પ્રવાસ કર્યો

## દાહોદના છાત્રોએ અમૂલ ડેરી અને કૃષિ યુનિવર્સિટીની કાર્યપદ્ધતિને નિહાળી

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદની નવજીવન સાયન્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સંશોધન વૃત્તિ અને ઔદ્યોગિક સમજ કેળવાય તેવા ઉમદા હેતુથી બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજની ઈનોવેશન ક્લબ અને NSS વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ પ્રવાસમાં અંદાજે 54 વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું.

પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ આણંદ સ્થિત વિશ્વપ્રસિદ્ધ અમૂલ મિલ્ક ડેરી અને અમૂલ ચોકલેટ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીઓને દૂધના પ્રોસેસિંગથી લઈને પેકેજિંગ સુધીની અત્યાધુનિક ટેક્નોલોજી અને ઉદ્યોગ વ્યવસ્થાપનના પાઠ શીખવા મળ્યા હતા. સહકારી ક્ષેત્રે અમૂલની સફળતાની ગાથા જાણી વિદ્યાર્થીઓ પ્રેરિત થયા હતા. વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના ઈન્ક્યુબેશન સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. અહીં તેમને કૃષિ ક્ષેત્રે થતા અદ્યતન સંશોધનો, નવીન પ્રયોગો અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિ વિશે તજજ્ઞો દ્વારા ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મુલાકાત વિદ્યાર્થીઓને વિજ્ઞાનના ક્ષેત્રમાં નવા સંશોધનો કરવા માટે પ્રોત્સાહિત કરનારી સાબિત થઈ હતી. આ પ્રવાસનું આયોજન કોલેજના કાર્યકારી પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રવાસને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપકગણ અને સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. પુસ્તકિયા જ્ઞાનની સાથે પ્રાયોગિક અનુભવ મળતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.